| Innovation ID | DTP0010000002479 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને મચકોડ અથવા મરોડ (Dislocation of Joint) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok(૧) ૨ April,૧૯૯૬, pg no.૧૨ |
| Brief | પશુને મચકોડ અથવા મરોડ થાય તો (Dislocation of Joint) તલ(Sesamum indicum)નું તેલ, કપૂર(Cinnamomum camphora)નો ઉપયોગ |
| Detail | કેટલીકવાર ખાડા ટેકરાવાળી જમીન પર ચાલતી વખતે ખાડામાં પગ પડી જવાથી અથવા તો પછી અન્ય કોઈ કારણસર પશુ લંગડાતુ ચાલતુ હોય છે. પશુના પગના સાંધામાં તેની અસર થતાં સોજો આવતો હોય છે. પશુ દુખાવો અનુભવે છે ઈજા થયેલ પગ ઉપર પશુ વજન ટેકવી શકતું નથી. બળદને ખેતીકામના ઉપયોગમાં લઈ શકાતો નથી.<br>પ્રાંતિજ તાલુકાના ફતેપુરા ગામના શ્રી મંગાભાઈ પટેલ કહે છે. ૫૦૦ મિલી તલ(Sesamum indicum)ના તેલમાં કપૂર(Cinnamomum camphora)ની ચાર ગોટી નાખી ગરમ કરવામાં આવે છે. આ તેલ ઠંડુ થયે પશુના સોજા વાળા ભાગ ઉપર દિવસમાં બે વખત હાથથી માલિશ કરવામાં આવે છે. બે-ત્રણ દિવસ આ ઉપચાર કરવાથી પશુને દુખાવો ઓછો થઈ જાય છે અને પશુ સ્વસ્થ રીતે ચાલતુ થઈ જાય છે. ખેડૂત કહે છે, આ દેશી ઉપચારની માહિતી તેમના ગામના જ શ્રી જીવાભાઈ ભરવાડ પાસેથી દસ બાર વર્ષ પહેલા જાણી હતી જે મુજબ ઉપચાર કરવાથી લાભ થયો હતો.<br><br>(કપૂરથી મચક કે મરોડવાળા ભાગમાં લોહીની નળીઓ વિસ્ફારીત થતાં લોહીનું પરિભ્રમણ વધે છે. અને તે ભાગને સાજો થવામાં મદદ કરે છે. મેંદાલાકડી, સાજીખાર અને હળદરને એકસાથે ખદબદાવી લેપ કરી પાટો બાંધવાની પ્રથા પણ ગામડામાં પ્રચલિત છે. –<br>ડૉ જયવીર અંજારીયા |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | તલ(Sesamum indicum)નું તેલ, કપૂર(Cinnamomum camphora) |
| IPR Status | |
| Keywords | મચકોડ, મરોડ, Dislocation of Joint, તલ, Sesamum indicum, તેલ, કપૂર, Cinnamomum camphora, હળદર, સાબરકાંઠા |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૦૫૮ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | રમેશભાઈ | Middle Name | સી | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | તલોદ, મુખીશેરી | Taluka | તલોદ | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૬૯ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | મંગાભાઈ | Middle Name | વીરાભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ફતેપુરા | Taluka | પ્રાંતિજ | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002640 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** પશુને માટી (Prolapse of Uterus)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** lok (૨) ૬, Sep-oct-૧૯૯૭, Pg No. ૬

**Brief** પશુને માટી ખસે તો (Prolapse of Uterus) કેવડા(Panadanus odoritissimus)ના મૂળ, કાંઠી(Limonia acidissima)ના પાન, ડુંગળી (Allium cepa), અડદ (Vigna mungo)નો ઉપયોગ

**Detail** પશુને માટી ખસે (આહ નીકળી) હોય ત્યારે સગર્ભાવસ્થા (વિયાણ)ના છેલ્લા દિવસોમાં કે કોઈકવાર વિયાવ્યા પછી આખું ગર્ભાશય ભગકોષ્ટકની બહાર નીકળી આવે છે, કોઈકવાર પાછલા પગના ઘૂંટણો સુધી ગર્ભાશય લટકતું જોવા મળે છે, બહાર નીકળી આવેલું ગર્ભાશય લાંબો સમય બહાર રહે તો તેના ઉપર સોજો આવે છે, વધુ બળ કરે તો મૂત્રાશયની કોથળી પણ બહાર નીકળી આવે છે, સામાન્ય તાવ રહે છે અને પશુ બેચેની અનુભવે છે.

પશુને જ્યારે માટી ખસે (Prolapse of Uterus) ત્યારે ૧૦૦ ગ્રામ કેવડા (Panadanus odoritissimus) ના મૂળ, ૧૦૦ ગ્રામ કાંઠી(Limonia acidissima)ના પાન બંને વાટી તેનો ૧ થી ૨ નાળ રસ દિવસના બે ટાઈમ બે થી ત્રણ દિવસ પાવાથી માટી ખસતી નથી. એક કિલો ડુંગળી (Allium cepa)વાટી તેમાંથી ૨૦૦થી ૩૦૦ ગ્રામ રસ કાઢી તેમાં થોડું પાણી ઉમેરી મુત્રાશયના ભાગ પર છંટકાવ કરવાથી થોડી બળતરા થઈ ગર્ભાશય અંદર જતું રહે છે અને પશુ પણ ધ્યાનમાં લે છે. જેથી વધુ સમય બેસી ન રહે અને બળતરા થશે તે ભાગનથી થોડું હલન-ચલન પણ શરૂ રાખે છે. ઉત્તરદાતા ૨૨ વર્ષના હતા ત્યારથી દવાઓ જાણે છે. વડીલોના વિચાર પરથી શીખેલા છે.
અથવા
એક થી દોઢ મણ અડદ (Vigna mungo) વિયાણ પહેલા રોજ એક કિલોગ્રામ ખાણદાણ સાથે ખવડાવવાથી માટી ખસતી નથી.

ઉત્તરદાતાના જણાવ્યા મુજબ પશુને ગર્ભાશય બહાર આવવાના પ્રથમ લક્ષણો જણાય. મુત્રાશય મોટું જણાય અને થોડું ગર્ભાશયનો ભાગ દેખાય ત્યારેથી પ્રથમ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે. જેમાં કેવડાના મૂળ અને કાંઠીના પાનનું મિશ્રણ પીવડાવાથી ગર્ભાશય બહાર નીકળવું અટકાવી શકાય છે.

-- વનસ્પતિની ઓળખ:-
કાંઠી -- વનસ્પતિ જંગલમાં મળી રહે છે. મકરોડીના જેવા પાન અને કણજ જેવું ઘટાદાર ઝાડ થાય છે. ડાળી થડની છાલ ટીમરૂના જેવી ખરબચડી હોય છે. પડતર જમીન તેમજ પથ્થરાળ વિસ્તારોમાં જોવા મળે છે. આ વનસ્પતિનું આયુષ્ય લાંબુ હોય છે. ગમે તેવા દુષ્કાળમાં જીવંત રહે છે. તેમ ઉત્તરદાતા જણાવે છે.

-- અન્ય ખેડૂતો
- પશાભાઈ સોમાભાઈ વણકર
- દેવુસિંહ કોદરસિંહ ઝાલા
- સેહર ફતેસિંહ ઝાલા
- રમણભાઈ ધૂળાભાઈ વણકર

ઉપરોક્ત ખેડૂત અહમદપુરા તા. હિંમતનગરના વતની છે.

- અન્ય જાણકાર પશ્યાભાઈના જણાવ્યા મુજબ છેલ્લા ૨૦ વર્ષથી અમૃતભાઈ પદ્ધતિ જાણે છે અને પંરપરાગત વડીલો પાસેથી જાણકારી મળેલ છે. કુંટુબમાં નવા ગામમાં પશુઓને ગર્ભાશય બહાર આવવાની સમસ્યા ઉભી થાય ત્યારે લોકો અમૃતભઆઈ પાસેથી દવા લઈ જાય છે અને ઉપચાર કરે છે. જેમાં દરેકને ફાયદો થયો છે.

ઉપચારની સાથે-સાથે પશુપાલકની પણ સારી કાળજી જરૂરી બને છે. કેમ કે પશુને ગરમ ખોરાક મળે તો સમસ્યા ઉભી થઈ શકે પરંતુ જો ઠંડા ખોરાક તથા બેસવાની જગ્યા તથા ગરમી જેવા પરિબળોથી રક્ષણ આપવું. તેટલું જ જરૂરી બને છે તેવું અન્ય જાણકાર ખેડૂતો જણાવે છે.

(નોંધ:- આ પદ્ધતિનું પી.આઈ.સી. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૦૭માં નરસિંહભાઈ બી. પરમારે કરેલ છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** કેવડાના (Panadanus odoritissimus) મૂળ, કાંઠી(Limonia acidissima)ના પાન, ડુંગળી(Allium cepa), અડદ (Vigna mungo)

**IPR Status**

**Keywords** પશુ, માટી ખસવી, Prolapse of Uterus, કેવડા, Panadanus odoritissimus, મૂળ, કાંઠી, Limonia acidissima, પાન, ડુંગળી, Allium cepa, અડદ, Vigna mungo, સાબરકાંઠા

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૧૨ | Member Type | Innovator | | |
| First Name | અમૃતભાઈ | Middle Name | સોમાભાઈ | Last Name | વણકર |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. અહમદપુરા, (વણકર ફળી), પો. ધડી, સાબર ડેરી આગળ | Taluka | પ્રાંતિજ | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |

Biography

આ ખેડૂતોની ઉંમર ૪૫ વર્ષની છે. તેમને ત્રણ છોકરા છે. તેમની પાસે ૧૦ વિઘા જમીન છે. ઘઉં, કપાસ, અડદ, દિવેલા, મગફળી, મગ વાવે છે. પશુમાં ૨ ભેંસો, જેમાં એક ભેંસ ૨૯ વર્ષ મૃત્યુ પામેલ છે. જે દૈનિક ૭-૮ લિટર એક ટાઈમ દિવસનું ૨૦ લિટર દૂધ આપતી જેનાથી ઘર ચાલતું. ઉત્તરદાતા ૨૨ વર્ષના હતા ત્યારથી પશુની દેશી દવા કરે છે. પ્રસુતિ, દિલખસવું વગેરે દવા જાણે છે.
અમૃતભાઈ અવનવું જાણવાની વૃત્તિ ધરાવે છે. તેમને પશુસેવા માનવસેવા કરવાનો શોખનો વિષય છે. વડીલો પાસેથી મળેલ જ્ઞાનને સંગ્રહી વિવિધ પશુઓની સમસ્યામાં અજમાવી સેવા કરે છે. જેમાં બદલમાં કશુ મુલ્યુ લેતા નથી અને પોતાનો સમય આપી દવાઓ શોધી લાવે છે તેમની આગવી વિશેષતા છે. હાલમાં તેઓ ખેતી વ્યવસાય પાછળ રોકાયેલા છે. ખેતીમાંથી તેમનું ગુજરાન વ્યવસ્થિત ચાલે છે.

ગામનો પરિચય -
આ ગામની કુલ વસ્તી ૨૫૦૦ની છે. આ ગામમાં રબારી, પટેલ, વાઘરી, નારીયા, દરબાર, વણકર, વગેરે જ્ઞાતિ છે. ગામમાં પ્રાથમીક શાળા, ડેરી, સહકારી મંડળી, ગ્રાપંચાયત, આંગણવાડી, બાલવાડી વગેરે ચાલે છે. ગામમાં બધા સરકારે તળાવ ખોદેલ છે. ત્રણ તળાવ છે. દૂધ મંડળી છે. જેનાથી સિંચાઈ કરે છે. ગામમાં લીમડો, પીપળ, કણજ, નીલગીરી મુખ્ય વૃક્ષો છે. ગામમાં ૬-૮ જ્ઞાતિના લોકો નિવાસ કરે છે. જેમાં દરબાર જાતિના લોકોની સંખ્યા વધુ છે. તેઓ ખેતી પશુપાલન તથા છૂટક ધંધા કરે છે. જમીન લાલ માટીયાળ પ્રકારની છે. મકાઈ, મગ, અડદ, કપાસ, તુવેર, ગુવાર તથા ડાંગર અન્ય તેલીબીયાં વર્ગના પાકોનું વાવેતર થાય છે. ક્ષત્રિય સમાજને લગતા રિવાજો છે. હોળી, દિવાળી, નવરાત્રી અને શિવરાત્રી જેવા ઉત્સવો ઉજવે છે. તાલુકા મથક ૧૨ કિલોમીટર છે. તલોદ હિંમતનગર હાઈવે પર આવેલું ગામ છે. હિંમતનગર તલોદ રોડ પર ૮ કિલોમીટર ગામ છે.

ગામની સમસ્યા:-
ગામની અંદર ગટર કે પાણી નિકાલની વ્યવસ્થા નથી તેમજ સ્વચ્છતા વિશે સમાનતા ન હોઈ રોગોનું પ્રમાણ વધી રહ્યું છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૧૩ | Member Type | Scout | | |
| First Name | રાજેશકુમાર | Middle Name | અમૃતભાઈ | Last Name | વણકર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. અહમદપુરા | Taluka | પ્રાંતિજ | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૭૦૭૬ | Member Type | Verifier | | |
| First Name | નરસિંહભાઈ | Middle Name | બી | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધુળકોટા, પો. સિસોદરા | Taluka | મેઘરજ | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |